## પાંડેસરામાં સિમેન્ટનું પતરું તૂટી જતાં પટકાયેલા યુવકનું મોત

સુરતઃ પાંડેસરામાં સિમેન્ટનું પતરુ તુટી જતા 20 ફૂટ નીચે પટકાતા યુવાનનું મોત થયું હતું. મૂળ ઓરિસ્સાના વતની અને હાલમાં ડિંડોલીની વ્રજવિહાર સોસાયટીમાં રહેતો 31 વર્ષીય નિર્મલચંન્દ્ર નિરોદચંન્દ્ર પરીડા શુક્રવારે બપોરે પાંડેસરા જી.આઇ.ડી.સીમાં નવી બંધાતી નિહારીકા કિએશન નામના કાપડ યુનિટ ખાતે સિમેન્ટના પતરા ઉપર ઉભો રહીને પ્લમ્બરનું કામ કરતો હતો. ત્યારે એકાએક સિમેન્ટનું પતરું તૂટી પડતા તે પતરા સાથે 20 ફૂટ ઊંચાઇ પરથી નીચે પટકાયો હતો. જેમાં તેને ગંભીર ઇજા થતા સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં લાવ્યા હતા. જ્યાં તેને ડોક્ટરે મૃત જાહેર કર્યો હતો.

## પાલનપુર કેનાલમાં 35 વર્ષીય અજાણ્યો યુવાન ફાંસો ખાધેલી હાલતમાં મળ્યો

સુરતઃ પાલનપુરગામમાં ગોગો ચોકથી રામચોક વચ્ચે આવેલી કેનાલમાં શુક્રવારે સવારે એક યુવાન લોખંડની રેલિંગ સાથે પ્લાસ્ટિકની પટ્ટી બાંધી ફાંસો ખાધેલી હાલતમાં જોવા મળ્યો હતો. ખાસ વાત એ હતી કે યુવાન નગ્ન હાલતમાં મળી આવ્યો હતો. કેનાલ પાસેથી પસાર થતા એક વ્યક્તિની નજર યુવાન પર પડતાં તેણે પોલીસને જાણ કરી હતી. મૃતકની ઓળખ સહિતના મુદ્દે પોલીસે તપાસ હાથ ધરી છે.

## દેહવિક્રયના રેકેટમાં કરમલાના આરોપીની આગોતરા જામીન અરજી ફગાવાઈ

સુરતઃ સુરત જિલ્લાના ફાર્મ હાઉસો અને અલગ અલગ જગ્યાએ લઈ જઈ ભોગ બનનારની મરજી વિરુદ્ધ દેહ વ્યાપારનો ધંધો કરાવી બળજબરીથી બળાત્કાર ગુજાર્યો હોવાનાં કેસમાં ઓલપાડના કરમલાના આરોપી મુકેશકુમાર રોશનલાલ મેવાડાની આગોતરાં જામીન અરજી સેશન્સ કોર્ટે ફગાવી દીધી હતી. મોટાપાયે ચાલતાં આ દેહ વેપારનાં રેકેટમા નાસતા ફરતા આરોપી મુકેશકુમારે આગોતરાં જામીન અરજી રજૂ કરી હતી. સરકાર પક્ષે એપીપી કિશોર ખેરનારે ઉત્રાણ પોલીસ સ્ટેશનના તપાસ અધિકારી ડી ડી રાઠોડનું સોગંદનામું રજૂ કરી આ રેકેટમા આરોપી અરજદારની સક્રિય ભૂમિકા હોય આગોતરાં જામીન અરજી નામંજૂર કરવા રજુઆત કરી હતી. બંને પક્ષની રજૂઆત બાદ કોર્ટે આરોપી ની આગોતરાં જામીન અરજી ફગાવી દીધી હતી. આ કેસમાં પાંચ આરોપી ભાગતા ફરે છે.

## સગીરાને ગર્ભવતી બનાવનારનાં જામીન નામંજૂર

સુરતઃ સગીરાને લલચાવી ભોળવી વતન લઈ જઈ વારંવાર દુષ્કર્મ કરી ગર્ભવતી બનાવનાર આરોપીની જામીન અરજી સેશન્સ કોર્ટે ફગાવી દીધી હતી. રાજસ્થાનનો આરોપી મયૂર ઉર્ફે બન્ટી ડામોર સામે રાંદેર પોલીસ સ્ટેશનમાં પોક્સો એક્ટ સહિતની કલમ અન્વયે ગુનો નોંધાયો હતો. સરકાર પક્ષે એપીપી કિશોર ખેરનારે જામીન અરજીનો વિરોધ કર્યો હતો. બંને પક્ષની રજૂઆત બાદ કોર્ટે આરોપીની જામીન અરજી નામંજૂર કરી હતી

## પરબ ગામમાં શોર્ટ સર્કિટના કારણે ખાતામાં આગ

સુરતઃ કામરેજના પરબ ગામે સવારે એક ખાતામાં અચાનક શોર્ટ સર્કિટ થવાના કારણે અચાનક આગ ભભૂકી ઊઠી હતી. જોતજોતામાં આગે રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લેતાં આસપાસના વિસ્તારમાં ભારે અફરાતફરી અને ફફડાટનો માહોલ સર્જાયો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખી સ્થાનિકો દ્વારા તાત્કાલિક સુરત ફાયર વિભાગને આ અંગે જાણ કરવામાં આવી હતી. સવારે આશરે 11:15 વાગ્યે ફાયર કંટ્રોલ રૂમને કોલ મળતાં જ કામરેજ ફાયર સ્ટેશનની ટીમ તાત્કાલિક ધોરણે ઘટના સ્થળે દોડી ગઈ હતી. ફાયરના જવાનોએ વગર પાણીનો મારો ચલાવીને યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરી હતી અને ટૂંક જ સમયમાં આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લીધો હતો. સદનસીબે કોઈ જાનહાનિ ન થતાં તંત્ર અને સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

## મહાકાય પીઓપીની પ્રતિમા સ્થાપવાની ઘેલછામાં 'બાપ્પાની અવદશા'



■ સુરતમાં દેશમાં બીજા ક્રમનો ગણેશોત્સવ ઉજવાય છે પરંતુ ભક્તિ અને ધાર્મિકતામાં જ્યારે ઉન્માદ જોડાય ત્યારે તે અવદશા તરફ વળે છે. સુરતમાં પણ દર વર્ષે એક લાખથી વધુ ગણેશની પ્રતિમાની સ્થાપના કરવામાં આવે છે અને માટીની પ્રતિમાની સ્થાપના માટે અપીલ કરવામાં આવે છે પરંતુ કેટલાક ભક્તો દ્વારા ધાર્મિક ઉન્માદમાં મહાકાય પ્રતિમાની સ્થાપના કરવામાં આવે છે. મહાકાય હોય એટલે સ્વાભાવિક રીતે પીઓપીની જ પ્રતિમા બનાવવી પડે. આ પ્રતિમાના વિસર્જન બાદ જ્યારે હજીરાના દરિયામાં ઓટ આવી ત્યારે પ્રતિમા બહાર આવી ગઈ હતી. પીઓપીની પ્રતિમા હોય એટલે ઓગળે નહીં અને ઓટમાં ધાર્મિક લાગણી દુભાય તેવાં દૃશ્યો સર્જાય છે. ખરેખર બાપ્પાને ખુશ કરવા હોય તો માટીની પ્રતિમાની જ સ્થાપના કરવી જોઈએ કે જેથી વિસર્જન બાદ પ્રતિમાઓ રઝળતી હાલતમાં જોવા નહીં મળે. 'હે બાપ્પા, ભક્તોને એવી સમજ આપજે કે આવતા વર્ષે માટીની પ્રતિમાની સ્થાપના કરે, નહીં તો તારી આવી જ હાલત થશે'... (તસવીર : હેમંત ડેરે)

### ડોમેસ્ટિક ફ્લાઈટ મૂવમેન્ટમાં આશરે 38 ટકાનો ઘટાડો નોંધાયો

# 60 અબજ ડોલરની અર્થવ્યવસ્થા છતાં સુરતમાં 28 જ ફ્લાઈટ્ કેમ?

**2019**-20માં 17,542 ડોમેસ્ટિક ફ્લાઇટ મૂવમેન્ટ સામે 2024-25માં માત્ર 10,850: લિનેશ શાહ

### પોઇન્ટ ઓફ કોલનો દરજ્જો આપવાની માંગ

સુરતને આંતરરાષ્ટ્રીય હવાઈ સેવા માટે 'Point of Call'નો દરજ્જો આપવાની સાથે એર ઇન્ડિયા એક્સપ્રેસ, અકાસા એર અને ઇન્ડિગો દ્વારા નવા કાફલામાંથી દિલ્હી, બેંગલુરુ, હૈદરાબાદ, કોલકાતા અને ચેન્નાઇ જેવા શહેરો માટે નવી કનેક્ટિવિટી શરૂ કરવાની માંગ કરવામાં આવી છે. સાથે જ DGCA અને CCI મારફતે સીટ બ્લોકિંગ, ગ્રુપ બુકિંગ અને ડાયનામિક પ્રાઇસિંગ અંગે પારદર્શક તપાસ કરવાની તથા મુંબઈ-અમદાવાદથી ફ્લાઇટ પકડતા દક્ષિણ ગુજરાતના મુસાફરોનો સત્તાવાર સર્વે કરી સુરતની વાસ્તવિક હવાઈ ડિમાન્ડનું મૂલ્યાંકન કરવાની માંગ ઉઠાવવામાં આવી છે.

સુરતઃ સુરતની આર્થિક ક્ષમતા અને હવાઈ કનેક્ટિવિટી વચ્ચેનો તફાવત ફરી ચર્ચામાં આવ્યો છે. ચેમ્બરની એવિએશન કમિટીના અગ્રણી લિનેશ શાહના ડેટા આધારિત સંશોધન મુજબ સુરતની જીડીપી અંદાજે 55થી 65 અબજ ડોલર હોવા છતાં સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટનું ડોમેસ્ટિક નેટવર્ક છેલ્લા કેટલાક વર્ષોમાં વિસ્તરવાને બદલે ઘટ્યું છે.

AAIના FY 2018-19થી FY 2025-26 સુધીના આંકડાઓના વિશ્લેષણને ટાંકીને જણાવાયું છે કે FY 2019-20માં સુરત એરપોર્ટ પરથી 17,542 ડોમેસ્ટિક ફ્લાઇટ મૂવમેન્ટ નોંધાઈ હતી. તેની સરખામણીએ FY 2024-25માં આ સંખ્યા ઘટીને 10,850 થઈ હતી. એટલે કે ડોમેસ્ટિક ફ્લાઇટ મૂવમેન્ટમાં આશરે 38 ટકાનો ઘટાડો નોંધાયો છે. સુરત એરપોર્ટ પર રૂ.353 કરોડના ખર્ચે 26 લાખ મુસાફરોની વાર્ષિક ક્ષમતાવાળું નવું ટર્મિનલ તૈયાર કરવામાં આવ્યું છે. જોકે ફ્લાઇટની સંખ્યા ઓછી હોવાથી ટર્મિનલની ઉપલબ્ધ ક્ષમતાનો સંપૂર્ણ ઉપયોગ થઈ રહ્યો નથી અને સંશોધન મુજબ તેનો ઉપયોગ આશરે 51.9 ટકા સ્તરે છે. ઓગસ્ટ 2026ના ટ્રાફિક ડેટા અંગે કરવામાં આવેલા વિશ્લેષણ મુજબ સમગ્ર મહિના દરમિયાન સુરત એરપોર્ટ પર કુલ 1,250 ફ્લાઇટ મૂવમેન્ટ નોંધાયા હતા. તેમાં 1,200 ડોમેસ્ટિક અને 50 આંતરરાષ્ટ્રીય મૂવમેન્ટનો સમાવેશ થાય છે.





# સુરતના જ્વેલરી MSME માટે વૈશ્વિકબજારનાદરવાજાખોલવા

**GJEPCના** એક્સપોર્ટ કોન્ક્લેવમાં 150થી વધુ ઉત્પાદક જોડાયા

સુરતઃ ધ જેમ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (GJEPC)ની ગુજરાત રીજનલ ઓફિસ દ્વારા સુરત રેલવે સ્ટેશન સ્થિત હોટેલ હિલ્ટન ખાતે એક દિવસીય 'એક્સપોર્ટ કોન્ક્લેવ'નું આયોજન કરવામાં આવ્યું હતું. GJEPC ગુજરાત રિજનના ચેરમેન જયંતીભાઈ સાવલિયાના નેતૃત્વમાં યોજાયેલા કોન્ક્લેવમાં સુરત અને આસપાસના વિસ્તારોમાંથી 150થી વધુ MSME એકમો તથા જ્વેલરી મેન્યુફેક્ચરર્સ જોડાયા હતા. કોન્ક્લેવમાં ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (FTA) અને ગ્લોબલ માર્કેટ અંગે GJEPCના એક્ઝિક્યુટિવ મેમ્બર રાય તથા DGFTના અધિકારી અભિમન્યુએ વિવિધ આંતરરાષ્ટ્રીય બજારોમાં FTAના લાભો અને બજાર મેળવવાની રીતો સમજાવી હતી. અલીબાબાના સંદીપભાઈ કાથરોટિયાએ B2B ઈ-કોમર્સની તકો અંગે માહિતી આપી હતી. મુંબઈની 'માઈન્ડ મેપ'ની માનસવીએ જ્વેલરી બ્રાન્ડિંગ અને ગ્લોબલ એક્સપોઝર અંગે પ્રેઝન્ટેશન આપ્યું હતું.

# અમરોલીમાં એમ.એન. જ્વેલર્સમાં ભીષણ આગ, દાગીના પીગળી ગયા

**13 સ્ટેશનની** 15 ગાડીએ 1 કલાક પાણીનો મારો ચલાવી આગ કાબૂમાં લીધી



સુરતઃ શુક્રવારે મોડી રાત્રે અમરોલી ચાર રસ્તા પાસે આવેલા જાણીતા એમ.એન. જ્વેલર્સના શો-રૂમમાં અચાનક ભીષણ આગ ભભૂકી ઊઠતાં સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરી અને દોડધામનો માહોલ સર્જાયો હતો. દુકાનમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળતા જોઈ આસપાસના વેપારીઓ અને સ્થાનિક લોકો એકઠા થઈ ગયા હતા. ઘટનાની ગંભીરતાને જોતાં તાત્કાલિક ફાયર કંટ્રોલ રૂમને જાણ કરવામાં આવી હતી.

કોલ મળતાની સાથે જ કતારગામ, અમરોલી સહિત શહેરનાં 13થી વધુ ફાયર સ્ટેશનો પરથી 15 જેટલી ફાયર ફાઈટરોનો કાફલો ઘટના સ્થળે રવાના કરવામાં આવ્યો હતો. ફાયર બ્રિગેડના જવાનોએ પહોંચી ચારેય તરફથી પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરી હતી. સાંકડા વિસ્તાર અને ધુમાડાના સામ્રાજ્ય વચ્ચે જવાનોએ આશરે એક કલાકની ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લીધો હતો. જ્વેલર્સમાં મોટા પ્રમાણમાં સોના અને ચાંદીના કીમતી દાગીના તેમજ ફર્નિચર હોવાથી આ દુર્ઘટનામાં મોટું નુકસાન થયું હતું. કેટલાક દાગીના પણ પીગળી ગયા હતા. દુકાનમાં શોર્ટ સર્કિટ થવાના કારણે આગ લાગી હોવાનું જાણવામાં આવ્યું હતું. આગ પર કાબૂ મેળવ્યા બાદ ફાયર બ્રિગેડ દ્વારા કૂલિંગ પ્રોસેસ હાથ ધરવામાં આવી હતી.

# સિવિલનાડોક્ટરનાઆપઘાતની નિષ્પક્ષ તપાસ કરો: એબીવીપી

**સાત** દિવસમાં તપાસ નહીં થાય તો આંદોલનની ચીમકી

સુરતઃ સુરતની સરકારી મેડિકલ કોલેજના એનાટોમી વિભાગમાં અભ્યાસ કરતા તૃતીય વર્ષના રેસિડેન્ટ ડૉક્ટર ડૉ. યોગેન્દ્ર દિલીપ પ્રજાપતિના તા. 24 સપ્ટેમ્બરના રોજ થયેલા આપઘાતની ઘટનાને લઈને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (એબીવીપી.) દ્વારા સમગ્ર ઘટનાની નિષ્પક્ષ અને ઊંડાણપૂર્વક તપાસ કરવાની માગ કરવામાં આવી છે.

એબીવીપી દ્વારા સિવિલના તંત્રને કરાયેલી રજૂઆતમાં જણાવાયું છે કે રેસિડેન્ટ ડૉક્ટરના અચાનક અને દુઃખદ અવસાનની ઘટનાથી તબીબી વિદ્યાર્થીઓ, અન્ય વિદ્યાર્થીઓ તેમજ હોસ્પિટલ સાથે સંકળાયેલા લોકોમાં ચિંતા અને દુઃખની લાગણી જોવા મળી રહી છે. ઘટનાના ચોક્કસ કારણો હજુ સ્પષ્ટ ન હોવાથી સમગ્ર મામલાની સચોટ અને ઊંડાણપૂર્વક તપાસ કરવી જરૂરી છે. સંગઠને પોલીસ તથા સંબંધિત સત્તાધીશો દ્વારા ઘટનાના દરેક પાસાની તપાસ કરવામાં આવે અને જો કોઈ વ્યક્તિની બેદરકારી કે સંડોવણી બહાર આવે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી માગ કરી છે. સાથે જ સમગ્ર તપાસ નિષ્પક્ષ રીતે થાય અને કોઈપણ બાબતને અવગણવામાં ન આવે તેવી રજૂઆત કરવામાં આવી છે. એબીવીપી દ્વારા સિવિલ પ્રશાસનને ચીમકી આપવામાં આવી છે કે સમગ્ર ઘટનાની સચોટ તપાસ અને જરૂરી કાર્યવાહી આગામી સાત દિવસમાં કરવામાં નહીં આવે તો સંગઠન દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

# સિવિલમાં પાનની પિચકારી મારનારને રૂ. 250નો દંડ

**વસૂલાતની** રકમ 'રોગી કલ્યાણ સમિતિ'માં જમા થશે

### ઇમરજન્સીમાં હવે ઝેરોક્ષ માટે હોસ્પિટલ બહાર જવાની જરૂર નહીં

નવી સિવિલના ઇમરજન્સી વિભાગમાં શરૂ કરાયેલી 24x7 નિશુલ્ક ઝેરોક્ષ સેવા દર્દીઓના સ્વજનો માટે મોટી રાહત બની રહેશે. ખાસ કરીને શનિવાર-રવિવાર અને જાહેર રજાના દિવસોમાં બહારની ઝેરોક્ષની દુકાનો બંધ હોવાથી એમ.એલ.સી. કેસ, પોસ્ટમોર્ટમ નોટ, ડેથ સર્ટિફિકેટ, સરકારી કાર્ડ સહિતના જરૂરી દસ્તાવેજોની નકલ કરાવવા માટે દર્દીના સ્વજનોને હોસ્પિટલની બહાર રોડ ઓળંગીને જવું પડતું હતું. હવે આ દોડધામમાંથી રાહત મળશે. અકસ્માત અથવા અન્ય કટોકટીના સમયે જરૂરી દસ્તાવેજોની ઝેરોક્ષ હોસ્પિટલના ઇમરજન્સી વિભાગમાં જ મફતમાં અને 24 કલાક ઉપલબ્ધ રહેશે. પરિણામે ઇમરજન્સી કેસોમાં જરૂરી પેપરવર્ક પણ વધુ ઝડપથી પૂર્ણ થઈ શકશે.

સુરતઃ સુરત નવી સિવિલ હોસ્પિટલમાં હવે સ્વચ્છતા જાળવવા કડકાઈ સાથે દર્દીઓની સુવિધામાં પણ વધારો કરવામાં આવ્યો છે. ભાદરવી પૂનમના પાવન દિવસે હોસ્પિટલ પરિસરમાં એક સાથે બે મહત્વપૂર્ણ જનહિતલક્ષી પહેલનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. હવે હોસ્પિટલની દીવાલો 'પાનની પિચકારી'થી રંગાશે નહીં. જો પિચકારી મારી કે ગંદકી કરી તો 250 નો દંડ લેવાશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને આરોગ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરિયાના માર્ગદર્શન હેઠળ નવી સિવિલ હોસ્પિટલમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું હતું. આ સાથે જ ઈમરજન્સી વિભાગમાં દર્દીઓ અને તેમના સ્વજનો માટે 24 કલાક નિશુલ્ક ઝેરોક્ષ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

નવી સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર, ઓપીડી, સ્ટેમ સેલ અને કિડની બિલ્ડિંગ સહિત સમગ્ર પરિસરમાં સ્વચ્છતા જળવાઈ રહે તે માટે સુરક્ષા વ્યવસ્થા વધુ કડક બનાવવામાં આવી છે.

સુરક્ષા જવાનો 24 કલાક પરિસરમાં તૈનાત રહેશે. દર્દી, સગા-સંબંધીઓ અથવા હોસ્પિટલના કર્મચારી-અધિકારીમાંથી કોઈ વ્યક્તિ હોસ્પિટલની દીવાલ કે પરિસરમાં પાન, માવા કે ગુટખાની પિચકારી મારતા ઝડપાશે તો સ્થળ પર જ રૂ. 250નો દંડ વસૂલવામાં આવશે અને દંડની રકમ 'રોગી કલ્યાણ સમિતિ'માં જમા કરી દર્દીઓના કલ્યાણ માટે ઉપયોગમાં લેવામાં આવશે. આ પ્રસંગે તબીબી અધિક્ષક ડૉ. પારુલ વડગામા, આર.એમ.ઓ. ડૉ. કેતન નાયક, ડૉ. લક્ષ્મણ તહેલાણી, નોડલ ઓફિસર ડૉ. ભરત પટેલ, નર્સિંગ એસોસિએશનના સેક્રેટરી ઈકબાલ કડીવાલા, સિક્યુરિટી ઓફિસર આર. કે. સિંહ સહિત તબીબો, નર્સિંગ સ્ટાફ, સફાઈકર્મીઓ, મેડિકલ ઓફિસર, સેનેટરી ઈન્સ્પેક્ટર તથા અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટના સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા.

### ચેમ્બર દ્વારા આયોજિત ત્રિદિવસીય 'સિટેક્ષ-2026'નો પ્રારંભ

# વર્ષ-2030 સુધીમાં ટેક્સટાઈલમાં 70% પાણીનો રિયૂઝ કરવો અનિવાર્ય બનશે

**સુરત** કેવળ કાપડ ઉત્પાદન નહીં, મશીનરી સહિત આખી વેલ્યુ ચેઇન અને સસ્ટેનેબિલિટીનું ગ્લોબલ હબ બને: અર્જુન મોઢવડિયા



સુરતઃ સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર (SIECC) ખાતે ત્રિદિવસીય 'સિટેક્ષ-સુરત ઈન્ટરનેશનલ ટેક્સટાઈલ એક્સ્પો-2026'ના ઉદઘાટન સમારોહને સંબોધતા રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવડિયાએ જણાવ્યું હતું કે, "સુરત સહિત દક્ષિણ ગુજરાતનો સમગ્ર ઔદ્યોગિક ક્ષેત્રમાં પાણીનો સૌથી વધુ વપરાશ ટેક્સટાઈલ સેક્ટર કરે છે, તેથી જળ સંચય અને વોટર કન્ઝર્વેશન માટે ઉદ્યોગોએ આગળ આવવું પડશે. સુરત માત્ર કાપડ ઉત્પાદન કે ફેબ્રિક પૂરતું સીમિત ન રહેતાં મશીનરી ઉત્પાદન સહિત સમગ્ર વેલ્યુ ચેઈન વિકસાવે અને સાથે સાથે સસ્ટેનેબિલિટી પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરે. ઉદ્યોગો પોતાના એકમોમાં પાણીના પુનઃઉપયોગ (Water Re-use) માટે સ્પષ્ટ અને દીર્ઘકાલીન નીતિ બનાવે. વર્ષ-2030 સુધીમાં ટેક્સટાઈલમાં 70% પાણીનો રિયૂઝ કરવો અનિવાર્ય બનશે. કારણ કે, વર્ષ 2050 સુધીમાં રિસાઈકલ પાણી સંબંધિત વૈશ્વિક ઉદ્યોગ 2 ટ્રિલિયન ડોલર સુધી પહોંચવાનો અંદાજ છે." તેમણે કહ્યું કે, કોવિડ પછી દેશમાં સ્થપાઈ રહેલા 12 સેમિકન્ડક્ટર પ્લાન્ટ્સ પૈકી 6 ગુજરાતમાં અને તેમાંથી 1 સુરતમાં આકાર લઈ રહ્યો છે તે ગૌરવની બાબત છે.

**આજે વિશ્વ પ્રવાસન દિવસ** ડચ, બ્રિટિશ, આર્મેનિયનથી મુઘલ શાસકો સુધીના ઐતિહાસિક સ્મારકો મોજૂદ, છતાં પ્રવાસન ઇન્ફ્રાસ્ટ્રક્ચરના અભાવે વર્ષે એક લાખ વિદેશી પ્રવાસીઓ પણ સુરત આવતા નથી

# 'હેરિટેજ સુરત'માં તંત્રના પાપે 'હેરિટેજ ટુરિઝમ' વિકસ્યું જ નહીં

**ASI**, ગુજરાત સરકાર અને SMC એ ડચ, બ્રિટિશ અને આર્મેનિયન સિમેન્ટ્રીનો વિસ્તાર કોર્ડન કરી પ્રવાસન માટે વિકસાવવો જોઈએ

સુરતઃ આજે વિશ્વ પ્રવાસન દિવસ છે ત્યારે સદીઓ જૂના ભવ્ય ઐતિહાસિક વારસો ધરાવતા સુરતની પ્રવાસન ક્ષેત્રે રહેલી ખોટ ફરી સામે આવી છે. ડચ, બ્રિટિશ, આર્મેનિયન સહિતના વિદેશી વેપારીઓના પગલાંથી લઈને મુઘલ અને અન્ય મુસ્લિમ શાસકોના આગમન સુધીનો ઈતિહાસ ધરાવતું સુરત આજે પણ અનેક ઐતિહાસિક સ્થાપત્યો, ધર્મસ્થાનો, સ્મારકો અને જૂની ઈમારતો સાચવીને બેઠું છે. તેમ છતાં યોગ્ય પ્રવાસન સર્કિટ, ગાઈડ, પરિવહન અને પ્રચારના અભાવે દેશ-વિદેશના પ્રવાસીઓ સુરત સુધી આકર્ષાઈ શકતા નથી. સુરતમાં વર્ષે માંડ એક લાખ જેટલા પણ વિદેશી પ્રવાસીઓ પણ આવતા નથી.

'સુરતનું જમણ અને કાશીનું મરણ' જેવી કહેવતથી સુરતની ખાણીપીણીની આગવી ઓળખ દેશભરમાં છે. સુરતનું ફૂડ, હીરા અને ટેક્સટાઈલ ઉદ્યોગ પણ પ્રવાસન માટે અલગ આકર્ષણ બની શકે તેમ છે. પરંતુ આ તમામ સંભાવનાઓને એકસાથે જોડતી પ્રવાસન સર્કિટ હજુ ઊભી થઈ નથી. સુરત હેરિટેજ ટ્રસ્ટના રોહિત મહેતાએ જણાવ્યું કે સુરત હેરિટેજ વોક ગ્રુપની રજૂઆત બાદ SMC દ્વારા હેરિટેજ બસ સેવા શરૂ કરવામાં આવી હતી, પરંતુ તે હવે બંધ છે. આશરે ત્રણ મહિના પહેલાં તત્કાલીન મ્યુનિસિપલ કમિશનર એમ. નાગરાજન અને પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌતે સુરતમાં ટુરિસ્ટ એક્ટિવિટી વધારવા માટે સુરતના કિલ્લામાં બેઠક યોજી હતી. ગાયત્રી જરીવાલા, ફાલ્ગુનીબેન દેસાઈ, બિન્નીબેન સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા. જોકે કોઈ નક્કર પોલિસી તૈયાર થાય તે પહેલાં બંને અધિકારીઓની બદલી થઈ ગઈ. રોહિત મહેતા વધુમાં કહે છે કે, 'સદીઓથી વેપાર, સંસ્કૃતિ અને વિવિધ ધર્મોના મિલનનું કેન્દ્ર રહેલું સુરત આજે પણ ઐતિહાસિક વારસાની દૃષ્ટિએ સમૃદ્ધ છે. જરૂર છે આ વારસાને માત્ર સ્મારક તરીકે નહીં, પરંતુ પ્રવાસન, સંસ્કૃતિ અને સ્થાનિક અર્થતંત્ર સાથે જોડાયેલી જીવંત વ્યવસ્થા તરીકે વિકસાવવાની. સુરત મહાનગરપાલિકા, ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકાર સંકલિત પ્રયાસ કરે તો સુરતની સદીઓ જૂની ઓળખને આધુનિક પ્રવાસન નકશા પર સ્થાન મળી શકે.

### 60 જેટલાં ઐતિહાસિક સ્થળો, પણ સંભાળના અભાવે વારસો જોખમમાં

સુરત હેરિટેજ ફાઉન્ડેશનના અગ્રણી ભદ્રેશ શાહના જણાવ્યા મુજબ સુરતમાં ડચ, બ્રિટિશ અને આર્મેનિયન સિમેન્ટ્રી, સુરતનો કિલ્લો, ખ્વાજા દાના દરગાહ, મરજાન સામીનો રોજો સહિત અનેક ઐતિહાસિક સ્થાપત્યો છે. ગોપીતળાવ, ચિંતામણિ દેરાસર, ગોપીપુરાના જૈન દેરાસરો, કતારગામ, તલ સુરત અને રાંદેરના મંદિરો તથા ઐતિહાસિક મસ્જિદો સહિત આશરે 60 સ્થળોને પ્રવાસન સાથે જોડી શકાય તેમ છે. તેમણે જણાવ્યું હતું કે ડચ, બ્રિટિશ અને આર્મેનિયન સિમેન્ટ્રીનો વિસ્તાર ASI, ગુજરાત સરકાર અને સુરત મહાનગરપાલિકાએ કોર્ડન કરીને હેરિટેજ ટુરિઝમ માટે વિકસાવવો જોઈએ. હાલ આ ઐતિહાસિક સ્થળોની સ્થિતિ ચિંતાજનક છે. આર્મેનિયન લખાણ ધરાવતા પથ્થરો લોકો એક સ્થળેથી બીજા સ્થળે ખસેડે છે, તેના પર બેસે છે કે ચાલે છે. સદીઓ જૂના આ વારસાને સુરતના કિલ્લાની જેમ વૈજ્ઞાનિક રીતે રિસ્ટોર કરી સાચવવાની જરૂર છે.

### કવિ-લેખકોનાં જન્મસ્થળોને પણ પ્રવાસન સર્કિટમાં જોડવાની માંગ

ભદ્રેશ શાહે જણાવ્યું કે દુર્ગારામ મહેતા, કવિ નર્મદ, જ્યોતિન્દ્ર દવે, ગની દહીંવાલા, ભગવતીકુમાર શર્મા, રતિલાલ અનિલ અને અસીમ રાંદેરી જેવા સાહિત્યકારો સુરતે આપ્યા છે. તેમના જન્મસ્થળ કે કર્મસ્થળે નામ અને ટૂંકી માહિતી ધરાવતા બોર્ડ મૂકવામાં આવે તો સાહિત્યિક વારસો પણ પ્રવાસનનો ભાગ બની શકે.

### જમણ માટે વિખ્યાત સુરતમાં ફૂડ આધારીત ટુરિઝમ પણ વિકસાવાયું નહીં

કહેવત છે કે 'સુરતનું જમણ અને કાશીનું મરણ..' પરંતુ સુરતમાં ફૂડ આધારીત પ્રવાસન ક્યારેય વિકસાવાયું જ નહીં. ઈન્દોરમાં 56 દુકાન કે પછી અન્ય શહેરોના સ્ટ્રીટ ફૂડ હબની જેમ સુરતમાં કોઈ ફૂડ હબ બનાવાયું જ નહીં. સુરતમાં હાલમાં અનેક ફૂડ કોર્ટ છે પરંતુ સરકારી તંત્રની બેદરકારીને કારણે જેને સુરતની ઓળખ કહી શકાય કે આઈકોનિક કહેવાય તેવી રીતે કોઈ જ આયોજનો કરાયા જ નહી. ફૂડને આધાર બનાવીને બિઝનેસ ટુરિઝમ વિકસાવી શકાય તેમ છે પરંતુ તેના માટે સરકારનો સહયોગ ખૂબ જ જરૂરી છે.

### સુરતને હેરિટેજ ટુરિઝમ સિટી બનાવવા શું કરવું?

- ડચ, બ્રિટિશ અને આર્મેનિયન સિમેન્ટ્રીનું રિસ્ટોરેશન અને સંરક્ષણ
- આશરે 60 ઐતિહાસિક સ્થળોને જોડતી હેરિટેજ સર્કિટ
- રેલવે સ્ટેશન, એરપોર્ટ અને બસ ડેપો પર પ્રવાસન માહિતી કેન્દ્ર
- અલગ હેરિટેજ બસ, વેન અને ડબલ ડેકર સેવા
- મેલબર્નની જેમ 'હેરિટેજ સિટી સેન્ટર'
- કવિ-લેખકોના જન્મ અને કર્મસ્થળે માહિતી બોર્ડ
- ઐતિહાસિક સ્થળોની આસપાસ હાટ બજાર અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ
- હીરા અને ટેક્સટાઇલ ઉત્પાદનને ઇન્ડસ્ટ્રીયલ ટુરિઝમ સાથે જોડવું
- સુરત માટે અલગ હેરિટેજ પોલિસી અને સમર્પિત ફંડ
- જૂની હવેલીઓ અને મહત્ત્વની ખાનગી ઐતિહાસિક મિલકતોનું સંરક્ષણ